# શહેરના માત્ર બે જ સેકટરમાંથી તંત્ર દ્વારા અધધ.. ૯૦ હોંડિગ્સ દુર કર્યા

## સે-૨૧ અને સે-૨૨ માંથી હોસ્પિટલ, સ્પર્ધાત્મક પરીક્ષા, ટયુશન કલાસના હોંડિગ્સ હટાવ્યા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેર હોંડિગ્સ નગરી બની ગયું હોય તેમ લાગી રહ્યું છે. દબાણકારો સરકારી જમીન તેમજ સરકારી વિજપોલને જાહેરાતના માધ્યમ તરીકે ઉપયોગ કરી રહ્યા છે. સરકારી જમીને પોતાની જાગીર સમજી બેઠેલા દબાણકારો સામે તંત્રએ દંડનીય કાર્યવાહી કરવાની જરુર છે. શહેરના સેકટર-૨૧ અને માત્ર સે-૨૨ માંથી જ તંત્રએ અધધ ૯૦ જેટલા નાના મોટા હોંડિગ્સ તેમજ બેનર દુર કર્યા છે.

ગાંધીનગર મહાનગર પાલિકાની ટીમ છેલ્લા કેટલાક દિવસથી શહેરમાં હોડિંગ્સ અને બેનરોના દબાણ દુર કરવાની કામગીરી કરી રહી છે. શહેરના રાજમાર્ગો અને મુખ્ય બજારોમાં દબાણકારોએ હોંડિગ્સ ગોઠવી દીધા હતા. તંત્રએ પહેલા શહેરના મુખ્ય માર્ગો પરથી હોંડિગ્સ દુર કર્યા હતા.ત્યારબાદ શહેરના સેકટરોમાં જે હોંડિગ્સ તેમજ બેનરોના દબાણો કર્યા હતા તેના પર તંત્રએ ખાત્મો બોલાવી દીધો છે. સેકટરોમાં પણ સરકારી જમીનો પર પોતાના હોડિગ્સ લટકાવી પ્રચાર તેમજ પ્રસાર કરતા દબાણકારો સામે તંત્રએ દંડનીય કાર્યવાહી કરવાની જરુર ઉભી થઈ છે. વિનામુલ્યે ગમે તે સ્થળે બેનર તેમજ હોડિગ્સ લગાવી દેતા શહેર જાણે બેનર કે હોંડિગ્સ નગરી બની ગયું હોય તેમ લાગી રહ્યું છે.



શહેરના મુખ્ય બજાર ગણાતા સે-૨૧ અને સે-૨૨ માંથી તંત્રના કર્મચારીઓએ અધધ ૯૦ જેટલા હોંડિગ્સ તેમજ બેનરના દબાણો દુર કર્યા છે. સેકટરના માર્ગો પર જ આટલા દબાણો ચીપકાવી દીધા છે તો મુખ્ય માર્ગો અને સર્કલ પર તો કેટલા હશે તે વિચારવા જેવી બાબત છે. તંત્રએ સેકટરના માર્ગો પરથી દબાણ તો હટાવી દીધા છે પરંતુ નઠોર થઈ ગયેલા દબાણકારો સામે લાલ આંખ કરવાનો સમય પાકી ગયો છે.

# રાજ્યભરમાં આંગણવાડીના ૧૪ લાખ ભૂલકાંને યુનિફોર્મ અપાશે

ગાંધીનગર, તા.૧૯

રાજયભરમાં આવેલ ૫૩ હજાર આંગણવાડીઓમાં લાખોની સંખ્યામાં બાળકો રમત સાથે ભણી રહ્યા છે ત્યારે સરકાર દ્વારા પહેલી વખત રાજયની તમામ આંગણવાડીના બાળકોને બે જોડી યુનિફોર્મ આપવામાં આવશે. આ યોજના દેશની પણ પહેલી યોજના બની રહેશે. કપડાની બાબતે બાળકોમાં સમાનતાનો ભાવ રહે અને તે આંગણવાડીનાં બાળકો હોવાનું અલગ અને એકસરખી ઓળખ પણ રહેશે.

આંગણવાડીઓના બાળકો માટે સરકાર દ્વારા સારો અને મહત્વનો કહી શકાય એવો નિર્ણય કરવામાં આવ્યો છે. સામાન્ય રીતે ખાનગી પ્લે ગ્રુપમાં ભણતા બાળકો માટે યુનિફોર્મ ફરજિયાત હોય છે. તેથી તમામ ભૂલકાંઓ એકસરખા યુનિફોર્મમાં સોહામણાં લાગે છે. ખાનગી પ્લે ગ્રૂપની સરખામણીએ સરકારની ૫૩ હજાર જેટલી આંગણવાડીમાં મોટી સંખ્યામાં બાળકો નિઃશુલ્ક પ્લે ગ્રુપની સગવડ મેળવે છે.

# સેક્ટર-૭ સરકારી લગ્નવાડીની ટાંકીઓ ઉભરાતા પાણીનો વેડફાટ

ગાંધીનગર, તા. ૧૯

રાજયભરમાં પાણી બચાવો, પાણીનો બગાડ અટકાવો તેવા સુફીયાણા સ્લોગન તંત્ર દ્વારા લખવામાં આવે છે. ત્યારે પાટનગરમાં જ પાણીની કિંમત ન હોય તેમ લાગી રહ્યું છે. ગાંધીનગર શહેરના સેકટર-૭ સરકારી લગ્નવાડીમાં પાણીનો બગાડ થાય છે. લગ્નવાડીની ટાંકીઓ ભરાઈ ગયા બાદ પાણી નીચે છેક રોડ સુધી પહોંચે છે. પાણીના સતત પ્રવાહને પગલે પાણીના ખાબોચીયા ભરાયેલા નજરે પડે છે. પાણીનો બગાડ અટકાવવા માટે અનેકવાર સ્થાનિક નાગરીકોએ રજુઆત કરી છે. પરંતુ વ્યય થતા પાણીને અટકાવવા માટે તંત્રના અધિકારીઓ જાણે તૈયાર ન હોય તેમ લાગી રહ્યું છે.

રાજયના પાટનગર ગાંધીનગરથી સેવ વોટરના નારા લગાવવામાં આવે છે. પાણી બચાવો માટે તંત્ર દ્વારા ઝુંબેશ ચલાવવામાં આવે છે. કેટલાક છેવાડાના માનવીઓને પીવાના પાણી માટે કિલોમીટર સુધી ચાલવું પડે છે. સામાજીક સંસ્થાઓ પણ પાણી બચાવો અભિયાન દ્વારા નાગરીકોને જાગૃત કરે છે. ત્યારે પાટનગરમાં જ પાણીની કોઈ કિંમત ન હોય તેમ ખાબોચીયા ભરાયેલા હોય છે. સ્થાનિક નાગરીકો પાણી થતો બગાડ અટકે તે માટે તંત્ર દ્વારા અનેકવાર રહેતા સરકારી લગ્નવાડીના પાછળના ભાગથી છેક માર્ગ સુધી પાણીના ભરાયેલું જોવા મળે છે.



લાગી રહ્યું છે. શહેરના સેકટર-૭ સરકારી લગ્નવાડીમાં છેલ્લા અઠવાડીયાથી પાણીની ટાંકી ભરાઈ જાય છે અને પાણી ઉભરાઈને છેક પોલીસ સ્ટેશનની સામે માર્ગ પર આવી પહોંચે છે. પાણી બંધ ન કરવામાં આવતું હોવાથી પાણીના રજુઆત કરવામાં આવી છે. છતા સરકારી તંત્રમાં હોતી હૈ ચલતી હૈ ની નિતી અપનાવાઈ રહી હોય તેમ લાગી રહ્યું છે. તંત્ર કે અધિકારીઓને જાણે પાણીનો બગાડ અટકાવવામાં રસ ના હોય તેમ લાગી રહ્યું છે. પાણીનો પ્રવાહ સવારે સતત ચાલુ પાણીનો થતો વ્યય અટકાવવા માટે તંત્રએ જે તે કર્મચારીઓ સામે લાલ આંખ કરવાની તાતિ જરુરીયાત ઉભી થવા પામી છે. સરકાર દ્વારા પાણી બચાવોની ઝુંબેશ ચલાવવા આવે છે જે પાટનગરમાં જ નિરર્થક સાબિત થતી હોય તેમ લાગી રહ્યું છે.

# જોવા જેવી ‘દુનિયા’ પ્રદર્શનમાં ‘ઘર એક બગીચો’ નાટકે જમાવ્યું આગવું આકર્ષણ

‘ફૂલ જેવા બાળકોને માળીની જેમ ખીલવો’ એ પૂજયશ્રીના સત્સંગનું હાર્દ હતુ. રાત્રે ૯ થી ૧૦.૩૦ દરમિયાન ‘ઘર એક બગીચો’ નામના સુંદર નાટક દ્વારા એક જ છત નીચે રહેતા માણસોના સ્વભાવમાં ભિન્નતા હોવા છતાં સુમેળભર્યા સંબંધો કઈ રીતે ટકાવી શકાય અને ફૂલ જેવા બાળકોને ખીલવવા માટે એમની ખામીઓ પર દૃષ્ટિ ના કરતા એમનામાં રહેલા પોઝીટીવ ગુણોને ઓળખીને કેવી રીતે એન્કરેજ કરી શકાય તેનો સંદેશો આપવામાં આવ્યો હતો. આખા દિવસ દરમિયાન લગભગ ૧ લાખ લોકોએ આ ‘જોવા જેવી દુનિયા’ની મુલાકાત લઈ આનંદ-ઉલ્લાસ અને ધન્યતા અનુભવી હતી. આ દિવસનો લાભ ના લઈ શક્યા હોય તેવા તમામ પેરેન્ટસ માટે ૨૫ નવેમ્બર સુધી ખાસ શૉનું આયોજન થયુ છે.

બાળકોનો સર્વાંગી વિકાસ થાય, તેમના પોઝીટીવ ગુણો ખીલે, નેગેટિવ ગુણોને પ્રોત્સાહન ના મળે, બાળકો આદર્શ નાગરિક બને, તેમના જીવનમાં પ્રેમ અને હૂંફ મળી રહે એ માટેનો સર્વાંગી, એટલે કે ૩૬૦ ડીગ્રીનો અભિગમ પુરૂ પાડતો શૉ એટલે ‘પેરન્ટીંગ પાઠશાળા’. એક સાથે ૫૦૦ લોકોને સમાવી શકતા ૪૦ મિનિટના આ શૉ માં ‘મા-બાપ એક થાઓ’, ‘બાળકો જોઈને શીખે છે’, ‘રીલીઝ ધ પ્રેશર’, ‘બાળકોને સમય આપો’, ‘પ્રાર્થના અને પોઝિટીવ ભાવ પ્રતિષ્ઠા’ વગેરે ચાવીઓ મળે છે જેનાથી ઘરમાં આનંદનો અમૂલ્ય ખજાનો ખૂલી શકે છે. ‘પેરન્ટસની પાઠશાળા’માં ફક્ત માતા-પિતાને પ્રવેશ હોવાથી બાળકોને આ શૉ દરમિયાન ગમ્મત સાથે જ્ઞાન પીરસતા ‘કિડ્સ કેર’ની સુવિધા પણ ઉપલબ્ધ છે.



ગાંધીનગર જિલ્લા ભાજપ દ્વારા દિવાળીના તહેવારને અનુલક્ષી પેથાપુર ખાતે સ્નેહમિલન સમારોહનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ સ્નેહ મિલન કાર્યક્રમમાં પ્રદેશ મહામંત્રી કે સી પટેલ,રાજય કક્ષાના મંત્રી પરબત પટેલ જિલ્લા ભાજપના પ્રભારી પૃથ્વીરાજ પટેલ, જિલ્લા ભાજપ પ્રમખ નૈલેશભાઈ શાહ ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ, પુર્વ ધારાસભ્ય અશોક પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખ શોભનાબેન વાઘેલા તેમજ જિલ્લા ભાજપના મહામંત્રી આઈ બી વાઘેલા સહીત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. ભાજપના આગેવાનોએ એકમેકને નવા વર્ષની શુભેચ્છા પાઠવી સંગઠન મજબુત કરવા અપીલ કરી હતી.

# દહેગામ ખાતે ૯૬ ખેડૂતોની બે હજાર કવીન્ટલ મગફળીની ખરીદી

ગાંધીનગર જિલ્લાના મગફળી પકવતા ખેડૂતો માટે દહેગામ ખાતે મગફળીના ટેકાના ભાવે ખરીદી માટેની સંપૂર્ણ પારદર્શી વ્યવસ્થા કરવામાં આવી છે.

એસ.કે. લાંગાએ દહેગામ એ.પી.એમ. સી.ની મુલાકાત લઈ રાજય સરકાર દ્વારા મગફળીના ટેકાના ભાવે ખરીદીમાં ગેરરીતી ન થાય અને સંપુર્ણ પારદર્શી વ્યવસ્થા, વિડિયો શુટીંગ, ગુણવત્તા ચકાસણી સહિતની વ્યવસ્થા નિહાળી ખેડૂતોના પ્રતિભાવો જાણ્યા હતાં. તેમણે જણાવ્યું હતું કે, મગફળી ખરીદીમાં વધુ ઝડપ આવે તેવા પગલાં લીધા છે. જિલ્લાના ૧૪૧૭



ખેડૂતો પૈકી ૯૬ ખેડૂતોની બે હજાર કવીન્ટલ મગફળીની ખરીદી કરવામાં આવી છે. ખેડૂતોની મગફળી ખરીદીની પ્રક્રિયા ઝડપી પુર્ણ થાય અને પાકનું સત્વરે ચુકવણું થાય તે માટે રૂ. એક કરોડ જિલ્લાને ફાળવવામાં આવ્યા છે. મગફળીનો પાક વેચવા આવેલ ખેડૂતોએ જિલ્લા વહીવટી તંત્રની ખરીદી પ્રક્રિયાની વ્યવસ્થા અંગે આભારની લાગણી વ્યકત કરી હતી.

# મંત્રી વાસણભાઈ આહીરના નામે છેતરપિંડી આચરવાનો વિચાર ચીટરને મોરબીની જેલમાંથી આવ્યો હતો..!

## આરોપીની સઘન પૂછપરછ માટે કોર્ટે ૨૧ તારીખ સુધીના રિમાન્ડ મંજૂર કર્યા

ગાંધીનગર, તા. ૧૯

મંત્રી વાસણભાઈ આહિરના નામે તેમના જ સંબંધીઓને ફોન કરીને મેડિકલ ઈમર્જન્સીના નામે રૂપિયા ઉઘરાવીને છેતરપિંડી આચર્યાની ઘટના બહાર આવી હતી. મંત્રીના સંબંધીઓને ૬ લાખથી વધુનો ચુનો ચિટરે લગાવી દીધો હતો. આખરે આ આરોપી મુંબઈથી પકડાઈ ગયો હતો. ગાંધીનગર એલસીબી કચેરી ખાતે લાવીને આરોપીની સઘન પૂછપરછ કરતા મંત્રી વાસણભાઈના નામે છેતરપિંડી કરવાનો વિચાર આરોપીને મોરબીની જેલમાંથી આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. તેને અન્ય કઈ કઈ જગ્યાએ છેતરપિંડી આચરી છે તે સહિતની વધુ પૂછપરછ માટે કોર્ટે આરોપીના ૨૧ તારીખ સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે.

મંત્રી વાસણભાઈ આહિરના નામે તેમના જ સગા સબંધી ને ફોન કરી ને લાખોની છેતરપિંડી આચરનાર શખ્સ સામે સેક્ટર-૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ તેના ૨૪ કલાકમાં જ આરોપી પોલીસના સકંજામાં આવી ગયો હતો. અમદાવાદ સિટી ક્રાઈમની ટીમ દ્વારા આ છેતરપિંડી કરનાર મુખ્ય સૂત્રધાર માસ્ટરમાઈન્ડને મુંબઈથી દબોચી લેવામાં આવ્યો હતો. રાજપીપળાનો વતની આ માસ્ટર માઈન્ડ ચિટર રઘુવીરસિંહ ઉર્ફે મુન્નો બળવંતસિંહ ચૌહાણ હોવાનું ખુલ્યું અને તેની ધરપકડ કરવામાં આવી હતી. રઘુવીરસિંહ ઉર્ફે મુન્નો નામના આ શખ્સ સામે અગાઉ પણ અનેક છેતરપિંડીની ફરિયાદ થયેલી હોવાનું પોલીસ પાસેથી જાણવા મળ્યું છે. આર્મી ઓફિસર તરીકેની ઓળખ આપીને છેતરપિંડી આચરવાના ગુનામાં આ શખ્સ ભૂતકાળમાં પકડાઈ ચૂકેલો છે. આ રીઢા ચિટરે વાસણભાઈ આહિરના નામે થયેલી છેતરપિંડીના કેસમાં આ ૬ લાખ રૂપિયાની છેતરપિંડી આચરી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. આરોપીની ધરપકડ કરીને ગાંધીનગર એલસીબી પીઆઈ તરલ ભટ્ટ દ્વારા તેની સઘન પૂછપરછ શરૂ કરવામાં આવ્યું છે જેમાં ચોંકાવનારી વિગત બહાર આવી છે. આ ચીટરને મંત્રી વાસણભાઈ આહિરના નામે છેતરપિંડી કરવાનો વિચાર મોરબીની જેલમાંથી આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. છેતરપિંડીના ગુનામાં જેલવાસ ભોગવી રહેલા આ ચીટરે જેલમાં કોઈના મોઢે સાંભળ્યું હતું કે મંત્રી વાસણભાઈ આહીરનું આ વિસ્તારમાં ખૂબ માનપાન છે અને તેમનો ફોન જાય ને બોલો એટલા રૂપિયા આવી જાય તેવી સ્થિતિ છે. આ વાત સાંભળીને તેને વિચાર આવ્યો હતો કે તેમના નામે છેતરપિંડી કરી શકાય. ત્યારબાદ તેમના સબંધીઓના નંબરો મેળવીને વાસણભાઈ આહિર ના નામે તેણે ચીટિંગ કરવાનું શરૂ કર્યું હતું. આ આરોપીએ અન્ય કેટલા ગુનાઓ આચર્યા છે તે સહિતની ઊંડી પૂછપરછ માટે એલસીબીએ આરોપીને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માંગણી કરતા કોર્ટે આરોપીના ૨૧ તારીખ સુધી રિમાન્ડ મંજૂર કર્યા છે. જેના આધારે એલસીબી પીઆઈ તરલ ભટ્ટે આરોપીની વધુ પૂછપરછ શરૂ કરી છે.

# ભયાવહ ભૂકંપના મૃતાત્માઓની કાયમી યાદમાં નિર્માણ પામી રહેલું ભૂજિયા ડુંગરનું સ્મૃતિવન

## મુખ્યમંત્રીએ સ્મૃતિવન નિર્માણ કામગીરીની નિરીક્ષણ-મુલાકાત સમીક્ષા કરી

ગાંધીનગર, તા. ૧૯

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ભુજના ઐતિહાસિક ભૂજિયા ડુંગર પર નિર્માણ પામી રહેલા સ્મૃતિવનને આંતરરાષ્ટ્રીય કક્ષાનું બનાવવાની નેમ વ્યકત કરી છે. આ સંદર્ભમાં તેમણે ૪૭૦ એકર વિસ્તારમાં અહીં થઈ રહેલા વિવિધ કાર્યો ટૂરિસ્ટ ફ્રેન્ડલી અને સિનીયર સિટીઝન ફ્રેન્ડલી બને તે રીતે સુવિધાસભર બનાવવા માર્ગદર્શન આપ્યું હતું.

મુખ્યમંત્રીએ ભૂજમાં સ્મૃતિવન સોસાયટીના નેજા તળે નિર્માણ પામી રહેલા આ સ્મૃતિવનની વિવિધ કામગીરી નિહાળીને પ્રગતિની સમીક્ષા કરી હતી.

કચ્છના ૨૦૦૧ના ભયાવહ ભૂકંપમાં જાન ગુમાવનારા ૧૩૮૦૫ મૃતાત્માઓની કાયમી યાદમાં ભૂજિયા ડુંગર પર આ સ્મૃતિવનનું નિર્માણ થઈ રહ્યું છે.



વિજયભાઈ રૂપાણીએ સમીક્ષા બેઠકમાં એવી પણ સૂચના આપી કે પ્રવાસીઓને કોઈ પણ પ્રકારની અગવડતા ન પડે એ પ્રકારની સુવિધા સ્મૃતિવનમાં ગોઠવવી જોઈએ. પ્રમાણસરના પાણીના હટ, ફૂડ કોર્ટ, ટોઈલેટ બ્લોક, પાર્કિંગ એરિયા, બનાવવા પડશે.

વિશ્રામ માટે બાંકડા મુકવા પણ તેમણે જણાવ્યું હતું. શાળાના પ્રવાસો માટે અલગ વ્યવસ્થા થાય અને સ્થાનિક યુવાનો માટે રોજગારીની તકો ઉભી થાય એ રીતે સમગ્ર આયોજન કરવાની બાબતે તેમણે સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રીએ અહીં નિર્માણ પામનાર સંગ્રહાલયની સંરચના બાબતે પણ ઉંડો રસ દાખવ્યો હતો. તેમણે એવું પ્રેરક સૂચન કર્યું કે આ સંગ્રહાલયમાં આવનારા મુલાકાતીને કચ્છની સંસ્કૃતિ સાથે ભૂકંપ વખતના કચ્છની સ્થિતિની પણ અનુભૂતિ થાય તેવું આયોજન કરવું જોઈએ.

